આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી
કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૯-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# પ્રધાનમંત્રી-મન કી બાત-112મી કડી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. મન કી બાતની 112મી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે ઑલિમ્પિક આપણા ખેલાડીઓને વિશ્વ પટલ પર તિરંગો લહેરાવવાની તક આપે છે. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધારવા દેશવાસીઓને અનુરોધ કર્યો હતો. શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય ગણિત ઑલિમ્પિયાડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ દેશના વિદ્યાર્થીઓની સરાહના કરી.

પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત દેશવાસીઓના ઉત્સાહ અંગે વાત કરી હતી. પહેલાંની જેમ આ વર્ષે પણ '**harghartiranga.com**' પર તિરંગાની સાથે પોતાની સેલ્ફી જરૂર અપલૉડ કરવા પણ અનુરોધ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ માદક પદાર્થના દૂષણની વાત કરતાં કહ્યું કે, આવા પદાર્થો સામેની લડાઈમાં સરકારે શરૂ કરેલી માનસ સેવા અંતર્ગત એક ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે. જેના પર કૉલ કરીને કોઈ પણ આવશ્યક સલાહ લઈ શકે છે

**(RNU અમદાવાદ)**

--------------------------------------------------------------------

## રાજય-હવામાન-વરસાદ આગાહી

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે  રાજયના ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહિસાગર અને છોટાઉદેપુરમાં તેમજ દક્ષિણ ગુજરાતના નર્મદા  તાપીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરીને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા તેમજ અમદાવાદ સહિતના જીલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરીને યલો એલર્ટ જાહેર કર્યું છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજય-ડાંગ-મોન્સૂન ફેસ્ટિવલ

સાપુતારામાં આજથી મોન્સૂન ફેસ્ટિવલ મેઘ મલ્હારનો પ્રારંભ થશે. એક મહિના સુધી ચાલનારા આ કાર્યક્રમનો આરંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે..સાપુતારાના વિખ્યાત અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર એવા સર્પગંગા તળાવ પાસે વિશાળ આરપાર દેખાય તેવો ડોમ તૈયાર કરવામાં આવ્યો છે.વરસતા વરસાદનો આંનદ માણતા ડોમમાં બેસીને પ્રવાસીઓ કાર્યક્રમને નિહાળી શકશે. આ કાર્યક્રમ અંતર્ગત ગિરિમથક ખાતે આવતા પ્રવાસીઓ એક મહિના સુધી વિવિધ સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ માણી શકશે. આ ઉપરાંત મુખ્યમંત્રી દ્વારા ડાંગ જિલ્લાના અન્ય પ્રવાસન સ્થળોએ વિકાસ કામોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ હાથ ધરવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજય-કોંગ્રેસ પ્રમુખ-શક્તિસિંહ ગોહિલ-મોરબી

રાજ્યસભા સાંસદ અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ ગઈકાલે મોરબીની મુલાકાતે હતા. તેમની આ મુલાકાત દરમિયાન તેમણે શહેરમાં નવા બની રહેલા મુખ્યમંત્રી આવાસ યોજનાના સ્થળની મુલાકાત લીધી હતી.

શક્તિસિંહ ગોહિલે સર્કીટ હાઉસ ખાતે મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં વરસાદને કારણે અનેક વિસ્તારમાં મુશ્કેલી પડી રહી છે. આજે સંસદમાં આ મુદે તેઓ ચર્ચા કરશે..

**(RNU અમદાવાદ)**

---

## રાજય –પુરક પરિક્ષા પરિણામ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી એસએસસી, સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાનું પરિણામ આજે જાહેર થશે. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિકના ધોરણ બાર વિજ્ઞાન પ્રવાહ, સમાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષાનું પરિણામ આજે જાહેર થશે.પૂરક પરીક્ષાનું પરિણામ આજે બપોરે બાર વાગે બોર્ડની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે

**(RNU અમદાવાદ)**

---

## કચ્છ-ચાંદીપુરા વાઈરસ

કચ્છ જીલ્લામાં મુન્દ્રા તાલુકાના હટડી ગામની 6 વર્ષની બાળકીનો રીપોર્ટ ચાંદીપુરા પોઝીટવ આવવાની સાથે જીલ્લામાં આ વાયરસથી થયેલા મૃત્યુનો આંક 3 થયો છે.જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.કેશવકુમારે આ અંગે માહિતી આપતા જણાવ્યુ હતું કે જીલ્લામાં ચાંદીપુરા વાયરસના કુલ 3 કેસ નોંધાયા છે.

આરોગ્યતંત્ર દ્વારા દવા છંટકાવ સહિતના  અટકાયતી પગલા લેવાની કામગીરી હાથ ધરાઈ છે.

**(NP/આશુતોષ અંતાણી)**

----------------------------------------------------------------------

## કચ્છ-જાપાનમાં કચ્છી કારીગરનું સન્માન

જાપાનના ટોકિયો શહેરમાં આયોજીત 14માં ઈન્ડીયા ટ્રેડફેર-2024માં કચ્છના બાંધણીકળા કારીગર અબ્દુલરહેમાન ખત્રીની 16 જેટલી બાંધણીની આઈટમોને પ્રદર્શિત કરવામાં હતી.તથા જાપાનના  મિથિલા મ્યુઝીયમમાં સ્થાન આપવામાં આવ્યું હતુ તેમજ અબડાસા તાલુકાના તેરા ગામના વર્ષ 2009ના રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા  શ્રીખત્રીનું વિશેષ બહુમાન કરવામાં આવ્યુ હતું.

**(NP/આશુતોષ અંતાણી)**

----------------------------------------------------------------------

## કચ્છ-નખત્રાણા-નાના અંગિયા-બાળ મેળો

કચ્છની પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકાથી ધોરણ પાંચ સુધીમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરાયુ હતું. જે અંતર્ગત નખત્રાણા તાલુકાના અંગિયા નાના પ્રાથમિક શાળાના પ્રાથમિક વિભાગના  વિધાર્થીઓ બાળમેળામાં ભાગ લીધો હતો. વિધાર્થીઓએ વિવિધ આનંદદાયી પ્રવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે, વિધાર્થીઓમાં સહકાર, નેતૃત્વ, લોકશાહીની ભાવના, સાહસિકતા વગેરેની ખિલવણી થાય.તેમજ વિધાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે તેવા હેતુથી બાળમેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

**(NP/આશુતોષ અંતાણી)**

----------------------------------------------------------------------

## ક્રિકેટ-ભારત-શ્રીલંકા-ટી-20

શ્રીલંકા ખાતે રમાઈ રહેલી પ્રવાસી ભારત અને શ્રીલંકા વચ્ચેની 3 ટી-20 ક્રિકેટ મેચ શ્રેણીની વરસાદના વિઘ્નથી પ્રભાવીત બીજી મેચમાં ભારતે શ્રીલંકાને 7 વિકેટથી પરાજીત કરી મેચ સાથે શ્રેણી વિજય મેળવ્યો હતો.

**(NP/આશુતોષ અંતાણી)**

------------------------------------------------------------------------